Australian Government

**BE COVIDSAFE**

# COVID-19: લક્ષણો ઓળખવા

| લક્ષણો | COVID-19<br>લક્ષણો હળવાથી ગંભીર હોય શકે | શરદી<br>લક્ષણો ધીમે ધીમે શરૂ થાય | સળેખમ<br>લક્ષણો અચાનક શરૂ થાય | એલર્જી*<br>લક્ષણો અચાનક અથવા ધીરે ધીરે શરૂ થઇ શકે |
|---|---|---|---|---|
| તાવ | મોટા ભાગે | ભાગ્યે જ | મોટા ભાગે | ના |
| ખાંસી | મોટા ભાગે | મોટા ભાગે | મોટા ભાગે | મોટા ભાગે (દમનો રોગ) |
| ગળામાં દુખાવો | ક્યારેક | મોટા ભાગે | ક્યારેક | ક્યારેક (ગળામાં અને તાળવામાં ખંજવાળ) |
| હાંફ ચઢવો | ક્યારેક | ના | ના | મોટા ભાગે (દમનો રોગ) |
| થાક | ક્યારેક | ક્યારેક | મોટા ભાગે | ક્યારેક |
| સ્નાયુઓનો દુખાવો | ક્યારેક | ના | મોટા ભાગે | ના |
| માથાનો દુખાવો | ક્યારેક | મોટા ભાગે | મોટા ભાગે | ક્યારેક |
| નાકમાંથી પાણી નીકળવું અથવા બંધ થઇ જવું | ક્યારેક | મોટા ભાગે | ક્યારેક | મોટા ભાગે |
| ઝાડા | ભાગ્યે જ | ના | ક્યારેક, ખાસ કરીને બાળકોને | ના |
| છીંકો | ના | મોટા ભાગે | ના | મોટા ભાગે |

*ડબલ્યુએચઓ; યુ એસ સેન્ટર્સ ફોર ડિસીઝ કન્ટ્રોલ એન્ડ પ્રિવેન્શન; અને અમેરિકન એકેડેમી ઓફ એલર્જી, અસ્થમા અને ઇમ્યુનોલોજી દ્વારા ઉત્પાદિત સામગ્રીમાંથી અપનાવવામાં આવ્યું છે. *શ્વસનતંત્રની એલર્જીમાં એલર્જીક રિનીટિસ (હે ફીવર) અને એલર્જીક અસ્થમાનો સમાવેશ થાય છે. હે ફીવરના અન્ય સામાન્ય લક્ષણોમાં નાકમાં ખંજવાળ અને આંખમાં ખંજવાળ આવવી અને પાણી નીકળવુંનો સમાવેશ થાય છે. Covid-19, સળેખમ (ફ્લ્યુ) અને શરદીના લક્ષણો વચ્ચે ભેદ પાડવો ખૂબ જ મુશ્કેલ છે. જો તમને કોઇ ચેપી અથવા શ્વસનતંત્રના ચિન્હો જણાય (જેમ કે ગળામાં દુખાવો, માથાનો દુખાવો, તાવ, હાંફ ચઢવો, સ્નાયુઓમાં દુખાવો, ખાંસી અથવા નાકમાંથી પાણી નીકળવું) તો કામ પર ન જશો. તમારે જાતે જ બીજાઓથી જુદા રહેવાની જરૂર છે અને એક તબીબી વ્યવસાયિકની જોડે તપાસ કરાવવી જરૂરી છે. તમારે COVID-19ની તપાસની જરૂર હોય શકે છે. જ્યાં સુધી કોઇ તબીબી વ્યવસાયિક દ્વારા મંજૂરી ન મળે, ત્યાં સુધી તમારે કામ પર પાછા ન જવું જોઇએ. તમે જેની કાળજી લો છો તે લોકો સલામત અને સુરક્ષિત છે તે તમારે સુનિશ્ચિત કરવુ જોઇએ. જે લોકોને એલર્જીક રિનીટિસ (હે ફીવર) અને એલર્જીક અસ્થમા જેવા શ્વસનતંત્રની એલર્જીના લક્ષણો હોય, તેઓને જો અણધાર્યા ચિન્હોનો અનુભવ થાય, તે સામાન્ય કરતાં જુદા અથવા વધુ હોય અથવા તેમની કાયમી દવાની તેના પર અસર ન થતી હોય તો, તેમણે ઘરે રહેવું જોઇએ અને લક્ષણોની શરૂઆતમાં જ COVID-19 માટે તપાસ કરાવવી જોઇએ.*

કોરોનાવાયરસ **(COVID-19)** વિષે વધુ માહિતી માટે **health.gov.au** પર જશો.

www.**health.gov.au/resources/translated** ની મુલાકાત લો અથવા અનુવાદ અને દુભાષિયા સેવાને ૧૩૧ ૪૫૦ પર ફોન કરો.

DTDT0001045